---

**અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નંબરઃ ર સમક્ષ.**

---

**ફોજદારી કેસ નં.૬૪૭૭૦/૧૮**
**આંક.૧ લગત હુકમ.**

આજ રોજ આરોપી કે ફરીયાદ પક્ષે ફરીયાદી કે તપાસ કરનાર અમલદારશ્રી હાજર નથી. ફરીયાદી તથા તેમના સાહેદો ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામા આવેલ છે જે બજે કે વગર બજે પરત આવેલ નથી, જે સંબંધે અદાલત તરફથી અવાર નવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમાં પણ ખુલાસા પુછવામા આવેલ છે. જે સંબંધે પોલીસ એજન્સી ધ્વારા પણ બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. તેમજ ફરીયાદ પક્ષ લાંબા સમયથી તેમના સાહેદોને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી જેથી પેન્ડીગ કેસો સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવારનવાર આદેશો આપવામાં આવે છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઓથોરીટીના પત્ર નં.૩૨૨૫/૨૧, તા.૧૫/૧૧/૨૦૨૧ નો પત્ર વંચાણ લીધો તથા ત્યારબાદના પત્રો વંચાણે લીધા. તેમજ ના.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબે તેમના **નોટીફીકેશન નં.૨/૨૦૨૨, તાઃ૫/૩/૨૦૨૨ થી આજરોજ તાઃ૧૨/૩/૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગનું આયોજન** કરેલ છે અને તેમા આવા પ્રકારના કેસોને સ્પે.સીટીગમા ફેસલ કરવાનો આદેશ કરેલ છે તે ધ્યાને લેતા તેમજ ના.ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા હળવા પ્રકારના કેસોનો નિકાલ કરવાની કામગીરી સંબંધે આદેશો કરવામાં આવેલ છે.

૨. જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતાં ફરીયાદી કે તેમના સાહેદોને હાજર રખાવી શકેલ ન હોઈ, જેથી આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની સજાની જોગવાઈ તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જતાણું નથી, જેથી તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી છોડી મુકવાનો તથા તેમની સામેનો કેસ ફેસલ કરવાનો હુકમ કરવો ન્યાયી જણાય છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. આથી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૮ અન્વયે આરોપી/આરોપીઓ સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.
૨. ફરીયાદપક્ષને ભવિષ્યમાં આરોપી અગર તો આરોપીઓના સરનામા મળી આવે તો તેઓ હાલના કેસમા તે સંબંધે જરુરી કાર્યવાહી કરી શકશે.
૩. મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ તાઃ૧૨–મી માર્ચ, સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તાઃ૧૨/૩/૨૦૨૨.
અમદાવાદ.

(એમ.વાય.રાધનપુરવાલા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબરઃ ૨, ઘી કાંટા, અમદાવાદ.
યુનીક કોડ નંઃ જીજે.૦૦૭૩૪